દાખલ તા. ૦૨/૦૪/૨૦૨૬
ફેસલ તા. ૦૮/૦૪/૨૦૨૬
અવધિ:–
દિવસ–૦૬, માસ–૦૦, વર્ષ–૦૦

**ગાંધીનગર જિલ્લાના છઠ્ઠા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની અદાલત સમક્ષ, મુકામ–ગાંધીનગર**

**<u>ફોજદારી પરચુરણ અરજ નં.૫૧૮/૨૦૨૬</u>**

**આંક : ૦૭**

**અરજદારો:– ૧) વિષ્ણુજી ગોગાજી ઠાકોર**
ઉ.વ.૩૨, ધંધો : ખેતી,
રહે. મોટી આદરજ, તા.જિ.ગાંધીનગર.
(હાલ.સાબરમતી સેન્ટ્રલ જેલ, અમદાવાદ.)

**વિરૂધ્ધ**

**સામાવાળા:– ૧) શ્રી સરકાર**

---

**બાબત:– બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ મુજબની રેગ્યુલર જામીન અરજી.**

---

**અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી એસ.કે.પટેલ**
**સામાવાળા તરફે વિધ્વાન સ્પે.પી.પી.શ્રી એચ.એન.રાવલ**

---

**:: <u>ઠરાવ</u> ::**

**૧.** અરજદાર દ્ઘારા હાલની અરજી બીએનએસએસની કલમ : ૪૮૩ પ્રમાણે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે રજૂ કરવામાં આવી છે. અરજદાર સામે પેથાપુર પો.સ્ટે.માં ગુના રજી.નં.૧૧૨૧૬૦૧૦૨૬૦૧૧૭/૨૬ થી ગુનો નોંધાયેલો છે. જે ગુનો બી.એન.એસ.એસ.ની કલમ : ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૧૦૯(૧), ૧૧૭(૨), ૧૧૮(૧),


*V.G.RANA*
*6th Addl. Sessions Judge,Gandhinagar*

૧૧૫(૨), ૩૨૯(૨), ૩૨૪(૨), ૩૫૨ તથા જી.પી.એકટની કલમ : ૧૩૫ મુજબના ગુના માટે નોંધાયેલ છે.

ગુનાની તપાસ ચાલુ છે અને ચાર્જશીટ રજૂ થવું બાકી છે.

## ૨. <u>ગુનાની ટૂંકમાં વિગત</u>:

આ ગુનાની ટૂંકમાં વિગત એવી છે કે, તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ આ કામના ફરિયાદીને આ કામના આરોપીઓ એકસંપ થઈ ફરિયાદીના ઘરે આવી 'અમારી દિકરી અંજનાને બહાર કાઢો એને અને તમને જાનથી મારી નાખવાના છે' તેવી ધમકી આપી, ફરિયાદી સાથે ઝગડો તકરાર કરી, આરોપી મોબતજી ઠાકોર નાઓએ તેમના હાથમાં રહેલ તલવાર વડે ફરિયાદીના બંને હાથ ઉપર મારી, ફ્રેકચર જેવી ઇજાઓ કરી તથા ગોગાજી ઠાકોર નાઓએ તેમના હાથમાં રહેલ લાકડી વડે ફરિયાદીના બંને હાથે મારી, ફ્રેકચર જેવી ઈજાઓ કરી તથા બરડાના ભાગે માર મારી ઈજાઓ કરી તથા ફરિયાદીના દિકરા પરબતજીને આરોપી ગોગાજી ઠાકોર નાઓએ પકડી રાખેલ અને વિપુલજી ઠાકોર નાઓએ તેના હાથમાં રહેલ દાંતી વડે માર મારી, ઈજા કરેલ છે તથા જીગરજી ઠાકોર નાઓએ તેના હાથમાં રહેલ લાકડી વડે શરીરે માર મારી ઈજા કરેલ છે તથા મોબતજી કલાજી ઠાકોર નાઓએ તેના હાથમાં રહેલ તલવાર વડે તેઓના દિકરાને જાનથી મારી નાખવાના ઈરાદે માથાના ભાગે મારી દઇ, ઈજા કરેલ તથા ફરિયાદીની પત્નીને સોનલબેન ઠાકોર તથા હંસાબેન ઠાકોર નાઓને તેમના હાથમાં રહેલ લાકડાના ધોકાઓ વડે જમણા હાથે માર મારી ઈજાઓ કરેલ છે તથા ફરિયાદીના પિતા કાકુજી ઠાકોર નાઓને આ રોનકજી ઠાકોર તથા ભરતજી ઠાકોર નાઓએ તેના હાથમાં રહેલ ધોકા વડે તથા વિષ્ણુજી ઠાકોર નાઓએ લાકડી વડે ડાબા હાથે તથા જમણા પગે તથા માથાના ભાગે જીવલેણ હુમલો કરી, ગંભીર ઈજાઓ કરેલ છે તેમજ ફરિયાદીની માતા મંજીબેન નાઓને પણ ગડદાપાટુંનો માર મારી શરીરે ઈજાઓ કરી, આ તમામ લોકોએ તેમના હાથમાં રહેલ હથિયારો વડે ફરિયાદીની અલ્ટો ગાડીના કાચ તોડી નુકસાન કરી ગુન્હો કરેલ છે.

**<u>દલીલો</u> :**

૩. અરજદાર તરફે વિ.વ.શ્રી એસ.કે.પટેલે રજૂઆત કરી છે કે, હાલનો આરોપી બિલકુલ નિર્દોષ છે. તેને ખોટી આ ગુનામાં રીતે સંડોવી દેવામાં આવ્યો છે. અરજદાર કુટુંબમાં એકમાત્ર જવાબદાર અને કમાનાર વ્યકિત છે. સદર કામના ઈજા પામનાર કોઈ સારવાર હેઠળ નથી. જેઓ હોસ્પીટલમાંથી ડિસ્ચાર્જ થઈ ગયેલ છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ હાલના અરજદાર પાસે આ બનાવ વખતે કોઈ હથિયાર ન હતું. ત.ક.અમલદારના એફિડેવિટમાં પણ એવો જ ઉલ્લેખ કર્યો છે. તેથી અરજદારનો રોલ જોતાં પણ તેને જામીન મુકત કરવો જોઈએ. વધુમાં, કેસની કાર્યવાહી ચાલવામાં લાંબો સમય જાય તેમ છે. અરજદારને જામીન મુકત કરવામાં આવશે તો તે તમામ શરતોનું પાલન કરશે. તેથી, ન્યાયના હિતમાં જામીન અરજી મંજૂર કરવા વિનંતી કરેલી છે.

૪. વિ.સ્પે.પી.પી. શ્રી રાવલ દવારા રજૂઆત કરવામાં આવી છે કે, હાલનો અરજદાર આ ગુનામાં સંડોવાયેલો છે. આ કામના અરજદાર તથા સાહેદો તથા ફરિયાદી બધા એક જ ગામમાં નજીક નજીકમાં રહેતા હોય જામીન ઉપર છોડવામાં આવે તો ફરિયાદી તથા સાહેદો સાથે ઝગડો તકરાર કરે તેમજ ધાક ધમકી આપે તેવી પૂરી શકયતાઓ છે તથા હાલમાં ગુનાની તપાસ ચાલુ હોઈ આરોપીઓ પુરાવા સાથે ચેડા કરે તેમજ ટ્રાયલ દરમ્યાન હાજર ન રહે તેવી સંભાવનાઓ રહેલી છે. વધુમાં, અહીં પેરીટીનો સિધ્ધાંત લાગુ પડે છે અને જયારે સહ–આરોપીના જામીન કોર્ટ દવારા નામંજૂર કરવામાં આવેલ છે ત્યારે હાલના અરજદારનો જામીન મુકત કરવા યોગ્ય નથી. તે સંજોગોમાં ગુનાની ગંભીરતા ધ્યાને લેતાં અરજદારની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલી છે.

આ ગુનાના ફરિયાદી પણ હાજર રહયાં છે અને તેમણે લેખિત વાંધા રજૂ કરી એવી રજૂઆત કરી છે કે, આરોપીઓએ જીવલેણ હથિયારો વડે હુમલો કરી, ગંભીર ઈજાઓ પહોંચાડી છે. જેમાં હાલના આરોપીએ ચાર

જણને લાકડીઓ વડે માર મારી, હાથે–પગે અને બરડામાં ઘાતક પ્રહાર કરેલા છે. કાકુજીને ફરીથી પ્લેટ નાખવા માટે દાખલ કરવા પડે તેમ છે. જો અરજદારને જામીન મુકત કરવામાં આવશે તો ફરીથી હુમલો કરે તેવી સંભાવના છે. તેથી જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલી છે.

**૫. મારું એવું માનવું છે કે અરજદારની જામીન અરજી મંજૂર કરવા પાત્ર નથી તે માટેના કારણો નીચે પ્રમાણે છે.**

**(એ)** સૌપ્રથમ ફરિયાદમાં જે હકીકતો જણાવવામાં આવી છે અને પોલીસ દ્વારા જે ગુનો નોંધવામાં આવ્યો છે તે જોવામાં આવે તો આરોપીઓની સામે ખૂન કરવાના પ્રયાસ માટેનો ગુનો થયેલો છે. આ બનાવમાં આરોપીઓ દ્વારા જે રીતે ગુનાહિત કૃત્ય કરવામાં આવ્યું હોવાનું જણાવે છે તે જોઈએ તો જાહેરમાં ફરિયાદીના ઘરે જઈને લાકડીઓ, તલવાર જેવા હથિયારો ધારણ કરીને ગેરકાયદેસર મંડળી બનાવીને ફરિયાદી અને તેના પરિવાર પર હુમલો કરવામાં આવ્યો. જેમાં ફરિયાદી અને તેના પરિવારના ઘણા બધા સભ્યોને ઈજાઓ પહોંચાડવામાં આવી છે, જે પૈકી કાકૂજી ઠાકોર નામના સાક્ષીને ખૂબ વધારે પ્રમાણમાં ઈજાઓ પહોંચાડવામાં આવી છે તેમના હાથમાં, પગમાં ફ્રેક્ચર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત મંગુબેન, વીરમજી, ચંદાબેન, પરબતજી વગેરે સાક્ષીઓને પણ ઈજાઓ પહોંચાડવામાં આવી છે. આ બનાવમાં અરજદારનો ગુનો કરવામાં એકટીવ રોલ છે.

**(બી)** તપાસ કરનાર અમલદારના એફિડેવિટ પ્રમાણે હાલમાં કોઈ પણ સાક્ષીઓ સારવાર હેઠળ નથી. પરંતુ જે રીતે આ ઘટના બની છે અને પક્ષકારો એકબીજાની બિલકુલ બાજુમાં રહે છે તે હકીકતને ધ્યાને લેતા, આ ઉપરાંત પરબતજીની સાથે આરોપીના પરિવારની દિકરી સાહેદ અંજનાબેને પરિવારની મરજી વિરુદ્ધ લગ્ન કર્યા અને તે બાબતને લઈને આ ઘટના બની છે, તેને ધ્યાને લઈએ તો જો હાલના અરજદારને જામીન મુક્ત કરવામાં આવે તો


*V.G.RANA*
*6th Addl. Sessions Judge,Gandhinagar*

ફરીથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોખમાય તેવી પ્રબળ સંભાવનાઓ છે. ફરિયાદી દ્વારા વાંધા રજૂ કરવામાં આવ્યા તેમાં જે હકીકતો જણાવી છે તે પ્રમાણે અરજદારનું ઘર અને આ બનાવમાં ઈજા પામનારાઓના ઘર એકબીજાની પડોશમાં જ આવેલા છે. જો જામીન મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે તો ફરીથી હુમલો થાય, ગુનાહિત કૃત્ય થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ફરીથી જોખમાય તેમ લાગે છે. તે જોતા અત્યારે તપાસના તબક્કે અરજદારને જામીન મુક્ત કરવા ઉચિત લાગતું નથી.

**(સી)** આમ સાક્ષીઓની સુરક્ષાને ધ્યાને લેતા અને તપાસ અત્યારે નાજુક તબક્કામાંથી પસાર થઈ રહી છે તેને ધ્યાને લેતા, અત્યારના તબક્કે અરજદારને જામીન મુક્ત કરવા ઉચિત લાગતું નથી. તેથી નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**:: <u>આખરી હુકમ</u> ::**

– અરજદારની હાલની રેગ્યુલર જામીન અરજી **નામંજૂર** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : **૦૮ એપ્રિલ, ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Dated:08/04/2026 **[Virendrasinh Gemalsinh Rana]**
Place:- Gandhinagar. 6th Additional Sessions Judge, Gandhinagar.
//M.D.C// GJ00964

સત્યમેવ જયતે
ADDITIONAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR